# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/ ૪૦૮-૨ તારીખ : ૧૮ - ૦૧ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
સુપરકિંગ ઇન્ડસ્ટ્રીઝ (ઇન્ડિયા) પ્રા. લી.
પ્લોટ નં -૧૧, વિશાલ ફર્નીચરની પાછળ, મોરબી પ્રિન્ટસીટી ની સામે, ૮- એ નેશનલ હાઇવે, ,
મું. પો. : ત્રાજપર , તા. : મોરબી, જી. : મોરબી ,
પીન કોડ. : ૩૬૩૬૪૨
મોબાઈલ : ૯૭૨૬૧૨૬૫૦૧

વિષય : સ્લો મીટરના પુરવણીબીલ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૧-૦૮-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૩૧/ક્વા-૦૨/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી શહેર-૨.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૩૧/ક્વા-૨/૨૧-૨૨/408-2 તા. 18-01-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG-૩૧/ક્વા-૨/૨૧-૨૨

| | |
|---|---|
| અરજદાર | :સુપરકિંગ ઇન્ડસ્ટ્રીઝ (ઇન્ડિયા) પ્રા.લી. ગામ:ત્રાજપર |
| રજૂઆત કરનાર | :અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે વિશાલ મેંદપરા અને કલ્પેશ સરડવા હાજર રહેલ છે. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - મોરબી |
| રજૂઆત કરનાર | : શ્રી પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી – મોરબી અને તેમની સાથે શ્રી બી.જે. વાછાણી, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., શહેર પેટાવિભાગીય કચેરી-૨, મોરબી |

:: ફોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી |
| તારીખ: | ૦૫-૦૧-૨૦૨૨ (બુધવાર) |

૧.૦ સદર કેઈસની સુનાવણી તારીખ: ૨૧-૦૯-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી જે અનિવાર્ય કારણોસર રદ કરવામાં આવેલ હતી. ત્યારબાદ સદર કેઈસની ફરી વખત સુનાવણી તા.૦૩-૧૨-૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ હતી જે પણ અનિવાર્ય કારણોસર રદ કરીને સુનાવણી તા.૧૮-૧૨-૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં અરજદાર હાજર રહેલ ન હોય તેમજ અરજદારે સુનાવણી માટે બીજી તારીખ આપવા માટે ટેલીફોનીક વિનંતી કરેલ છે જયારે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી શ્રી પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી – મોરબી હાજર રહેલ હતા. અરજદારને વધુ એક તક આપવા માટે સદર કેઈસની ફરી વખત સુનાવણી તારીખ: ૦૫-૦૧-૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓ મે. સુપરકિંગ ઇન્ડસ્ટ્રીઝ (ઇન્ડિયા) પ્રા.લી. ના નામે ગ્રાહકનં. ૮૪૩૦૧/૭૧૫૧૮/૫ થી ૧૦૦ KW નું વીજજોડાણ મોરબી શહેર પેટાવિભાગીય કચેરી હેઠળ વિશાલ ફર્નીચર પાછળ ૮-અ નેશનલ હાઇવે – ત્રાજપર મોરબી ખાતે ધરાવતા હતા.

૨.૧ અરજદાર દ્વારા સદર વીજજોડાણ કાયમી ધોરણે રદ કરવા માટે તા.૨૮.૦૪.૨૦૨૧ ના રોજ અરજી કરેલ. જેના અનુસંધાને સંલગ્ન કચેરી દ્વારા મીટર ઉતારી લીધેલ. સદર મીટરનું તા.૨૯.૦૬.૨૦૨૧ ના રોજ લેબપરીક્ષણ કરવામાં આવતા મીટર ૧૭.૩૪% ધીમું છે તેવું પી.જી.વી.સી.એલ. દ્વારા જણાવવામાં આવેલ. સદર લેબ રીપોર્ટના આધારે તા.૧૬.૦૭.૨૦૨૧ ના રોજ અરજદારને રૂ.૫,૫૪,૯૮૧.૭૦ નું સ્લોનેસનું પુરવણીબીલ આપવામાં આવેલ. સદર બીલ MRI રીપોર્ટ મુજબ તા.૦૮.૧૧.૨૦૧૯ થી તા.૧૦.૦૫.૨૦૨૧ સુધીનું એટલેકે આશરે ૧૭ માસ માટેનું આપવામાં આવેલ છે.

૨.૨ અરજદાર વધુમાં જણાવેછે કે CEA ના આદેશ અનુસાર કોઈપણ વીજગ્રાહકનું મીટર સમયાંતરે ચેક કરવું ફરજીયાત છે. તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા પણ દરેક ઔદ્યોગિક ગ્રાહકનું મીટર ૦૬(છ) માસની સમયમર્યાદામાં ચેક કરવું જરૂરીછે જેથી વીજવપરાશ યોગ્ય રીતે નોંધી શકાય. પી.જી.વી.સી.એલ. દ્વારા જો સમયાંતરે મીટર ચેક કરવામાં આવેલ ન હોયતો GERC ના સપ્લાય કોડનં. ૪/૨૦૧૫ ના ક્લૉઝ નં.૬.૩૩ મુજબ વધુમાં વધુ ૬ માસ માટે સ્લોનેસનું પુરવણી બીલ આપી શકાય જે ક્લૉઝ નીચે મુજબ છે.

"The licensee shall dispatch the test report to the consumer, to be received under acknowledgement, within 02 working days of the date of testing. In case of faulty meter, rectification for a maximum period of six months or from the date of last testing, whichever is shorter, on the basis of the test report, shall be adjusted in the subsequent bill."

૨.૩ વધુમાં અરજદારના વીજસ્થાપન પરનું મીટર પી.જી.વી.સી.એલ. દ્વારા ક્યારેય ચેક કરવામાં આવેલ નથી. જેથી અરજદારને અપાયેલ સ્લોનેસનું પુરવણીબીલ રૂ.૫૫૪,૯૮૧.૭૦ પી.જી.વી.સી.એલ. તેમજ GERC ના નોટીફીકેશનનં. ૪ વર્ષ ૨૦૧૫ ના ક્લૉઝ નં. ૬.૩૩ મુજબ સુસંગત ન હોય અરજદાર દ્વારા સદર બીલ બાબતે સંલગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે તા.૦૫.૦૮.૨૦૨૧ ના રોજ રજૂઆત કરવામાં આવતા પ્રત્યુતર રૂપે સંલગ્ન કચેરી દ્વારા તા.૧૦.૦૮.૨૦૨૧ના પત્ર દ્વારા સદર બીલ નિયમાનુસાર હોય રકમ ભરવા પાત્ર થાય છે. જો રકમ ભરપાઈ કરવામાં ન આવે તો નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવાની ફરજ પડશે એવું જણાવેલ છે.

૨.૪ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ સ્લોનેશનું બીલ રીવાઈઝ કરી આપવા પી.જી.વી.સી.એલ.ને આદેશ આપવા રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે- પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે ગ્રાહક શ્રી મે.સુપરકિંગ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) પ્રા.લી. નામથી 100 K.W. નું નવું L.T. વિજ કનેક્શન તારીખ-૨૧.૦૪.૨૦૧૬ થી આપવામાં આવેલ છે જેનો ગ્રાહક નંબર 84301/71518/5 છે.

૩.૧ સદર ગ્રાહક દ્વારા તા.૨૮.૦૪.૨૦૨૧ નાં રોજ કનેક્શન પીડીસી કરવા માટે ની અરજી આપેલ છે જેના આધારે મોરબી ટાઉન-૨ પેટાવિભાગીય કચેરી દ્વારા ચેકિંગશીટ નંબર MRC NO 21793 DATE:-11.05.2021 થી સ્થળ પરથી વીજમીટર પેટી સાથે લેબ પરિક્ષણ કરવા માટે કબ્જે લેવામાં આવેલ છે. તેમજ ગ્રાહકને લેબોરેટરીમાં તા.૨૯.૦૬.૨૦૨૧ નાં રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધીમાં હાજર રહેવા જણાવેલ છે. જે અન્વયે મે.સુપરકિંગ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) પ્રા.લી. નાં પ્રતિનિધિ શ્રી કલ્પેશકુમાર મણિલાલ સરડવા ની હાજરીમાં તા.૨૯.૦૬.૨૦૨૧ નાં રોજ મીટરનું લેબ પરિક્ષણ કરવામાં આવેલ છે અને સદર લેબ રીપોર્ટ મુજબ "Y" ફેઝ ની PT મિસિંગ જોવા મળેલ હતી અને સદર વીજમીટર ૧૭.૩૪ % ધીમું (સ્લો) માલુમ પડેલ.

૩.૨ વધુમાં સદર મીટરના MRI રીપોર્ટનો અભ્યાસ કરતા સદર મીટર જુદી-જુદી તારીખે "Y" ફેઝ ની PT નો મિસિંગનો ટેમ્પર ડેટા જોવા મળેલ છે તે સમયગાળાનાં KWH યુનિટનો તફાવત લઈને તે મુજબનું સ્લોનેસનું બિલ આપવામાં આવેલ છે. સદર મીટરનો MRI રીપોર્ટનાં આધારે સ્લોમીટરનું પૂરવણી તા.૦૮.૧૧.૨૦૧૯ થી તા.૧૧.૦૫.૨૦૨૧ સુધીનું MRI રીપોર્ટનાં આધારે જેટલા સમય મીટર સ્લો રહેલ છે તેટલા સમયનું બિલ રૂ.૫૫૪૯૮૧.૭૦ નું આપવામાં આવેલ છે. MRI રીપોર્ટમાં સ્પષ્ટ સમયગાળો દર્શાવતું હોય તેટલા સમયનું જ સ્લો મીટરનું વીજબિલ આપવામાં આવેલ છે એટલેકે ગ્રાહકની રજૂઆત મુજબ ૧૭ માસ નું ૨૪ કલાક મુજબ નું બિલ આપવામાં આવેલ નથી.

૩.૩ અરજદાર દ્વારા સપ્લાય કોડ ૨૦૧૫ નાં ક્લોજ નંબર ૬.૩૩ મુજબ ૦૬ માસ નું બિલ આપી શકાય તેવી રજૂઆત કરેલ છે જે ફોલ્ટી મીટરને લાગુ પડે છે પરંતુ અહી સ્લોમીટર હોય અને "Y" ફેજ ની PT મિસિંગ હોવાથી જુદા જુદા સમયે મીટર સ્લોનેસ આવેલ છે જેથી કંપનીને મીટર ખરાબ છે તેવી પ્રાથમિક રીતે જોતા ખબર ન પડે તેથી અહી MRI રીપોર્ટનાં આધારે આપવામાં આવેલ વીજબિલ યોગ્ય છે. વધુમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ રાજકોટના હુકમ નં - પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૯/કવા-03/૨૦૨૦-૨૧/૬૮૮૫-૮ તા.૨૯-૧૨-૨૦૨૦ ની નકલ રજુ કરેલ છે તે મુજબ મીટરના સ્લોનેશનું બીલ ૦૨ વર્ષ કરતા વધારે સમયગાળાનું અપાયેલ હતું જે ૦૨ વર્ષના સમયગાળા માટે રીવાઈઝ કરવા હુકમ કરેલ છે જે બાબત સદર કેસ સાથે સુસંગત હોય તે મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે.

:: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી મે.સુપરકિંગ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) પ્રા.લી. ની રજૂઆત મુજબ તેઓના વીજજોડાણ અનુસંધાને અપાયેલ સ્લોનેશના પુરવણીબીલ ૧૭ માસ ને બદલે સપ્લાય કોડ ક્લોઝ નંબર - ૬.૩૩ મુજબ રીવાઈઝ કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદાર શ્રી મે.સુપરકિંગ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા)પ્રા.લી. નામથી 100 K.W. નું નવું L.T. વિજ કનેક્શન ગ્રાહક નંબર 84301/71518/5 તારીખ 21.04.2016 થી આપવામાં આવેલ હતું જે તા.૨૮.૦૪.૨૦૨૧ નાં રોજ કનેક્શન પીડીસી કરવા માટેની અરજદારની અરજી અન્વયે મોરબી ટાઉન-૨ પેટા વિભાગીય કચેરી દ્વારા ચેકિંગશીટ નંબર MRC NO.21793 DATE:-11.05.2021 થી સ્થળ પરથી સિક્યોર કંપનીનું વીજમીટર ક્રમાંક નં -



Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Rajkot

PG108358 મીટરબોક્ષ સહીત લેબ પરિક્ષણ કરવા માટે કબ્જે લેવામાં આવેલ હતું. તેમજ ગ્રાહકને લેબોરેટરીમાં તા.૨૯.૦૬.૨૦૨૧ નાં રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધીમાં હાજર રહેવા જણાવેલ છે. જે અન્વયે મે. સુપરકિંગ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) પ્રા.લી. નાં પ્રતિનિધિ શ્રી કલ્પેશ કુમાર મણિલાલ સરડવાની હાજરીમાં તા.૨૯.૦૬.૨૦૨૧ નાં રોજ મીટરનું લેબ પરિક્ષણ કરવામાં આવેલ તે મુજબના લેબ રીપોર્ટ મુજબ સદર મીટરને ટેસ્ટીંગ બેન્ચ લગાવી બાહ્ય PT સપ્લાય આપી એક્યુંચેક ટેસ્ટ લેતા, એક્યુંચેક રીઝલ્ટ -૧૭.૩૪% દર્શાવે છે. તેમજ વધુ તપાસણી કરતા 150 mm² PVC Cable ના "Y" ફેજ સાથે લગાવવામાં આવેલ કોપર ફ્લેક્ષીબલ વાયરમાં કોરોઝન થયેલ છે જેના કારણે "Y" ફેજ નાં વોલ્ટેજમાં વધઘટ જોવા મળેલ છે.

૪.3 સદર મીટરનો એમ.આર.આઈ. રીપોર્ટ મુજબ તા.૦૮-૧૧-૨૦૧૯ થી તા.૧૧-૦૫-૨૦૨૧ ના એમ.આર.આઈ. અહેવાલના આધારે સ્લો મીટરનું પુરવણીબીલ તા.૧૬-૦૭-૨૦૨૧ ના રોજ રૂ.૫,૫૪,૯૮૧/૭૦ નું નીચે મુજબ આપવામાં આવેલ.

| Sr No | Start Date | Start KWH | End Date | End KWH | Consum. 82.66% (unit) | as per100 % (unit) | as per 17.34%(unit) | EC 17.34% slowness(Rs.) | FCA 17.34% slowness (Rs.) | FC 17.34% slow (Rs.) | ED 10 % 17.34 % slowRs | Total Bill (Rs.) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 08.11.19 | 1801249 | 11.11.19 | 1804512 | 3263 | 3947 | 684 | 3148.68 | 1437.44 | 0 | 0 | 4586.12 |
| 2 | 12.11.19 | 1804773 | 13.11.19 | 1805724 | 951 | 1150 | 199 | 917.68 | 418.94 | 0 | 0 | 1336.62 |
| 3 | 13.11.19 | 1805786 | 16.11.19 | 1808951 | 3165 | 3829 | 664 | 3054.11 | 1394.27 | 0 | 0 | 4448.38 |
| 4 | 17.11.19 | 1809146 | 22.03.20 | 1936976 | 127830 | 154646 | 26816 | 123351.47 | 56312.63 | 4890 | 0 | 184554.08 |
| 5 | 23.03.20 | 1937182 | 27.03.20 | 1939242 | 2060 | 2492 | 432 | 1987.83 | 1123.55 | 0 | 0 | 3111.38 |
| 6 | 03.06.20 | 1940383 | 05.06.20 | 1942079 | 1696 | 2052 | 356 | 1636.58 | 675.98 | 0 | 0 | 2312.56 |
| 7 | 06.06.20 | 1942663 | 07.06.20 | 1943194 | 531 | 642 | 111 | 512.40 | 211.64 | 0 | 0 | 724.04 |
| 8 | 07.06.20 | 1943757 | 08.06.20 | 1944321 | 564 | 682 | 118 | 544.24 | 224.79 | 0 | 0 | 769.04 |
| 9 | 11.06.20 | 1946624 | 12.06.20 | 1948068 | 1444 | 1747 | 303 | 1393.41 | 575.54 | 0 | 0 | 1968.95 |
| 10 | 14.06.20 | 1948759 | 15.06.20 | 1949247 | 488 | 590 | 102 | 470.90 | 194.50 | 0 | 0 | 665.41 |
| 11 | 16.06.20 | 1949859 | 17.06.20 | 1951024 | 1165 | 1409 | 244 | 1124.18 | 464.34 | 0 | 0 | 1588.52 |
| 12 | 18.06.20 | 1951406 | 20.06.20 | 1953291 | 1885 | 2280 | 395 | 1818.96 | 751.31 | 0 | 0 | 2570.27 |
| 13 | 21.06.20 | 1953589 | 22.06.20 | 1955174 | 1585 | 1917 | 332 | 1529.47 | 631.74 | 0 | 0 | 2161.21 |
| 14 | 27.06.20 | 1958427 | 27.06.20 | 1958808 | 381 | 461 | 80 | 367.65 | 151.86 | 0 | 0 | 519.51 |
| 15 | 28.06.20 | 1959197 | 30.06.20 | 1961319 | 2122 | 2567 | 445 | 2047.66 | 845.77 | 0 | 0 | 2893.43 |
| 16 | 02.07.20 | 1962736 | 04.07.20 | 1965303 | 2567 | 3105 | 538 | 2477.06 | 1076.98 | 0 | 0 | 3554.05 |
| 17 | 20.07.20 | 1983451 | 23.07.20 | 1987762 | 4311 | 5215 | 904 | 4159.96 | 1808.68 | 0 | 0 | 5968.64 |
| 18 | 23.07.20 | 1988427 | 26.07.20 | 1992492 | 4065 | 4918 | 853 | 3922.58 | 1705.47 | 0 | 0 | 5628.05 |
| 19 | 26.07.20 | 1993847 | 27.07.20 | 1994090 | 243 | 294 | 51 | 234.49 | 101.95 | 0 | 0 | 336.44 |
| 20 | 29.07.20 | 1997458 | 31.07.20 | 2000142 | 2684 | 3247 | 563 | 2589.97 | 1126.07 | 0 | 0 | 3716.04 |
| 21 | 02.08.20 | 2004477 | 04.08.20 | 2008255 | 3778 | 4571 | 793 | 3645.64 | 1585.06 | 0 | 0 | 5230.70 |
| 22 | 06.09.20 | 2051734 | 07.09.20 | 2053187 | 1453 | 1758 | 305 | 1402.09 | 609.61 | 0 | 0 | 2011.70 |
| 23 | 07.09.20 | 2053459 | 09.09.20 | 2055904 | 2445 | 2958 | 513 | 2359.34 | 1025.80 | 0 | 0 | 3385.14 |
| 24 | 15.09.20 | 2063394 | 16.09.20 | 2063908 | 514 | 622 | 108 | 495.99 | 215.65 | 0 | 0 | 711.64 |
| 25 | 17.09.20 | 2066719 | 19.09.20 | 2069350 | 2631 | 3183 | 552 | 2538.82 | 1103.84 | 0 | 0 | 3642.66 |
| 26 | 26.09.20 | 2078286 | 22.10.20 | 2119360 | 41074 | 49690 | 8616 | 39634.97 | 15595.50 | 0 | 0 | 55230.47 |
| 27 | 22.10.20 | 2119552 | 11.05.21 | 2301426 | 181874 | 220027 | 38153 | 175502.03 | 69056.23 | 6045 | 753 | 251356.66 |
| Total | | | | | 396769 | 480001 | 83232 | 382868.16 | 160425.1 | 10935 | 753 | 554981.70 |

ઉપરોક્ત એમ.આર.આઈ. અહેવાલની વિગતો મુજબ તા.૦૮-૧૧-૨૦૧૯ થી તા.૧૧-૦૫-૨૧ સુધીના કુલ ૫૫૧ દિવસને બદલે જેટલો સમય મીટર સ્લો રહેલ છે એટલેકે કુલ ૩૫૫ દિવસ મુજબનું જ સ્લો મીટરનું પુરવણીબીલ સામેવાળા દ્વારા અપાયેલ છે.

૪.૪ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ રાજકોટના હુકમ નં - પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૯/કવા-03/૨૦૨૦-૨૧/૬૮૮૫-૮ તા.૨૯-૧૨-૨૦૨૦ ની નકલ રજુ કરેલ છે તે મુજબ મીટરના સ્લોનેશનું બીલ ૦૨ વર્ષ કરતા વધારે સમયગાળાનું અપાયેલ હતું જે ૦૨ વર્ષના સમયગાળા માટે રીવાઈઝ કરવા હુકમ કરેલ છે જે બાબત સદર કેસ સાથે સુસંગત હોય તે મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે.

૪.૫ સદર કેસમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વીજસ્થાપનની ચકાસણી સમયાંતરે કરેલ નથી તેમજ પી.આર.ટી.-૧૪૫ મુજબ સદર ગ્રાહકના બિલીંગ સ્ટેટ્સમાં પીડીસી તારીખ તા.૧૧-૦૫-૨૦૨૧ છે. ત્યારબાદ અરજદારના પીડીસીની અરજીના અનુસંધાને મીટરની લેબ ચકાસણી તા.૨૯-૦૬-૨૦૨૧ ના રોજ કરેલ છે એટલેકે સદર જોડાણ પીડીસી ડીકલેર કર્યા પહેલા મીટરનું લેબ ટેસ્ટ કરાવેલ નથી જે સંલગ્ન નાયબ ઈજનેર તેમજ એકાઉન્ટ વિભાગની બેદરકારી દર્શાવે છે સદર જોડાણ પીડીસી કર્યા બાદ તા.૧૬-૦૭-૨૦૨૧ ના રોજ બીલ આપેલ છે જેની ફોરમ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવેલ છે. જે બાબતે પી.જી.વી.સી.એલ. કક્ષાએથી જવાબદાર અધિકારી / કર્મચારી સામે નિયમાધીન કાર્યવાહી કરવી તેમજ સદર બાબતોને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં સદર પ્રકારની તકરાર ઉભી ન થાય તેવા યોગ્ય પગલા લેવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે.

૪.૬ સપ્લાયકોડના નોટીફીકેશન નં - ૬.૮૪ મુજબ "કોઇપણ ગ્રાહક પાસે ચુકવણીમાં કસુરને કારણે બાકી નીકળતી રકમ - આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૦૨ વર્ષ ની મૂદત પછી વસુલવા પાત્ર થશે નહિ - સિવાય કે આવી રકમ અધિનિયમ ની કલમ - ૫૬ અનુસાર પૂરી પડેલી વીજળી માટે ખર્ચ ની બાકીની રકમ તરીકે સતત દર્શાવવામાં આવી હોય."

સપ્લાયકોડની ઉપરોક્ત શરતો મુજબ એરીયર્સની રીકવરી માટે છેલ્લા ૦૨ વર્ષ થી વિશેષ રકમનું પુરવણીબીલ આપી શકાય નહિ તે મુજબ તા.૦૮-૧૧-૨૦૧૯ થી તા.૧૧-૦૫-૨૧ સુધીનો સમયગાળો (૫૫૧ દિવસો) ૦૨ વર્ષ થી ઓછા સમયગાળાનો છે. તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા એમ.આર.આઈ. અહેવાલ મુજબ જેટલા સમયમાં વીજવપરાશનું રેકોર્ડીંગ "Y" ફેઝ માં થયેલ નથી તેટલાજ સમયગાળા (૩૫૫ દિવસ) નું પુરવણીબીલ રૂ.૫,૫૪,૯૮૧/૭૦ નું તા.૧૬-૦૭-૨૦૨૧ ના રોજ અપાયેલ છે જે યોગ્ય હોય અરજદારે ભરપાઈ કરવાને પાત્ર છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ અને ૪.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

**સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot